**PRESS COVERAGE:**

**PUBLICATION NAME: KHABAR GUJARAT (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 18-06-2018**
**PAGE NO. 07**
**TOTAL SQ. CM. 333**
**TITLE:** *Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school*

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કીટનું વિતરણ

## ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓના 3000 વિદ્યાર્થીઓ અબન્ય લાભાન્વિત



ખબર-જામનગર

નયારા એનર્જી લિમિટેડએ રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ કીટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે "સ્વચ્છતાકીટ"નું વિતરણકરી એક નવી પહેલ કરી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વના નાતે રિફાઈનરી નજીકના ગામોમાં નયારા એનર્જી લિમિટેડ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે.દરમિયાન રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિમિટેડએ દર વર્ષની માફક સહભાગીદાર બની ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઈ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને હાઈજીન કીટનું વિતરણ કર્યું હતું. સ્કૂલ બેગ કીટમાં સ્લેટ, સ્લેટ પેન, બુક, વેક્સ ક્રેયન્સ, ક્રેયન્સ કલર બુક,પાણીની બોટલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ તકે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહયાં હતાં.

નયારા એનર્જી લિમિટેડએ સ્કૂલ બેગ કીટની સાથે વિદ્યાર્થીઓને હાઈજીન કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાં નેઈલ કટર, કાંસકો, ટુથબ્રસ, ટુથપેસ્ટ, ઊલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે સમજ નાનપણથી જ કેળવાય એ માટે સ્વચ્છતા કીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્કૂલ બેગ અને હાઈજીન બેગ મળતા બાળકોના ચહેરાઓ ખીલી ગયા હતા. કંપનીની આપહેલને શાળાઓનાઆચાર્ય તથાશિક્ષકોએ આવકારીહતી.

નયારા એનર્જી લિમિટેડ રિફાઈનરી નજીકના ગામોમાં "ગ્રામશિક્ષા" કાર્યક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય,વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણવધે, નાના બાળકોમાં ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાર્ય કરવામાં આવીરહયું છે, જેને લોકો દ્વારા આવકારમાં આવી રહયું છે.